# અગ્ર મુખ્ય વન સંરક્ષક અને હેડ ઓફ ફૉરેસ્ટ ફોર્સ, ગુજરાત રાજય, ગાંધીનગર

જાહેરાત ક્રમાંકઃ (FOREST/201819/1)

**વનરક્ષક, વર્ગ–૩ સંવર્ગની સીધી ભરતી અંગેની જાહેરાત ક્રમાંકઃFOREST/201819/1 અન્વયે જે તે જીલ્લામાં નિમણુંક અન્વયે પસંદગી પામેલ ઉમેદવારો પૈકી સામાજીક શૈક્ષણિક પછાત વર્ગનાં ઉમેદવારો જોગ સુચના.**

સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ પરિપત્ર ક્રમાંકઃ સશપ/૧૨૨૦૨૨/૮૬૩૫/અ, તા.૨૫/૦૨/૨૦૨૨ નકલ સામેલ છે. જે મુજબ The Gujarat Schedule Castes, Scheduled Tribes and Other Backward Classes (Regulation Of Issuance and Verification of Caste Certificate) Act, 2018 અનુસાર તેઓનાં જાતિ પ્રમાણપત્રો સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળની નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરી, ગાંધીનગર દ્વારા ખરાઇ/ચકાસણી કરાયા બાદ તેઓને રાજય સરકારની સેવાઓમાં નિમણુંક આપવાની જોગવાઇ થયેલ છે.

ઉપરોકત વિગતે પસંદગી પામેલ સા.શૈ.પ.વર્ગનાં ઉમેદવારોએ ઉકત પરિપત્રનાં નિયત નમૂનામાં અરજી સાથે તેમાં જણાવેલ દસ્તાવેજો સાથે નીચે જણાવેલ રિજયન કચેરીમાં **તા.૨૧/૦૬/૨૦૨૨થી તા.૨૨/૦૬/૨૦૨૨** સુધીમાં અસલ પુરાવા સાથે ખરાઇ કરાવી જમા કરવાનાં રહેશે. આ અરજી અને દસ્તાવેજો રજુ કરવા બાબતે વધુ સમય આપવામાં આવશે નહિ જેથી ઉકત જણાવેલ સમયમર્યાદામાં અચુક હાજર રહી જમા કરાવવા નોંધ લેવી.

| અ.નં. | રિજયન | જીલ્લાનું નામ | નિયત નમૂનામાં અરજી અને દરસ્તાવેજો જમા કરાવવા/ખરાઇ કરાવવાની કચેરીનું નામ/સરનામુ |
|---|---|---|---|
| ૧ | ઉત્તર ગુજરાત રિજયન | સાબરકાંઠા,અમદાવાદ અરવલ્લી,પાટણ,ગાંધીનગર,કચ્છ, બનાસકાંઠા | નાયબ વન સંરક્ષકશ્રી, ગાંધીનગર વન વિભાગ, ટાઉન હોલની પાછળ, ઘ–૪ સર્કલ નજીક, સેકટર–૧૭, ગાંધીનગર– ૩૮૨૦૧૭<br>ફોન નં.079-23221260 |
| ૨ | મધ્ય ગુજરાત રિજયન | પંચમહાલ,છોટાઉદેપુર,ખેડા,આણંદ,વડોદરા, મહિસાગર,દાહોદ | નાયબ વન સંરક્ષકશ્રી, ગોધરા વન વિભાગ, સિવીલ લાઇન્સ, આર.ટી.ઓ.રોડ, ગોધરા– 389001<br>ફોન નં. 02672-242210 |
| ૩ | દક્ષિણ ગુજરાત રિજયન | ડાંગ,તાપી,ભરૂચ,વલસાડ, નવસારી સુરત, નર્મદા | નાયબ વન સંરક્ષકશ્રી, સુરત વન વિભાગ, વન ભવન, શિવાજી ચોક, ગંગેશ્વર મહાદેવ રોડ,અડાજણ, સુરત– ૩૯૫૦૦૯ ફોન નં. 0261-2733826 |
| ૪ | સૌરાષ્ટ્ર રિજયન | જુનાગઢ,ગીર સોમનાથ,જામનગર, અમરેલી દેવભુમિ દ્વારકા,પોરબંદર, બોટાદ સુરેન્દ્રનગર, રાજકોટ | નાયબ વન સંરક્ષકશ્રી, જુનાગઢ વન વિભાગ, સરદાર બાગ, જુનાગઢ –૩૬૨૦૦૧<br>ફોન નં. 0285-2631182 |

ઉપરોકત બાબતે વધુ જાણકારી/પુછપરછ માટે હેલ્પલાઇન નં.૧૯૨૬ ઉપર સંપર્ક કરવો તથા અન્ય જરૂરી સુચનાઓ માટે વન વિભાગની વેબસાઇટ **https://forests.gujarat.gov.in** તથા **https://ojas.gujarat.gov.in** અવાર નવાર જોતાં રહેવા વિનંતી છે.

તા. ~~૨૦~~ ૨૫/૦૬/૨૦૨૨
સ્થળ – ગાંધીનગર

અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક
વહીવટ અને આઇ.ટી.
ગુજરાત રાજય, ગાંધીનગર